# સંવત ૨૦૭૫નું રાશિવાર ભવિષ્ય

દૂર રહેવું જરુરી બને. માનસિક ટેન્શન કે અશાંતિ રહે. કોઈની પણ સાથે ખોટા વાદ-વિવાદમાં ઉતરવું નહીં. બદનામ થવાય તેવા કાર્યોથી દૂર રહેવું. તમારો પુરુષાર્થ સાર્થક ન નિવડે.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહે છે. જે ભાઈ-ભાંડુ સાથે મનદુ:ખ કે મતભેદો રાખે. અણધાર્યા ધનલાભો થાય. નોકરિયાત વર્ગને અનિશ્ચિત પરિવર્તનના યોગ બને. આર્થિક પ્રાપ્તિ માટે તમારું નવીન યોજનાઓ તરફનું આકર્ષણ વધતું જણાય. ભાઈ-ભાંડુ તરફથી લાભ થવા છતાં વિચારોમાં ઘર્ષણ રહે. હિતશત્રુઓ પર વિજય થાય. પારિવારિક જવાબદારીમાં વધારો થાય. કાનૂની જવાબદારીથી સંભાળવું. અહી તમારે આપસી સંબંધોની મર્યાદા બાંધવી પડશે. સામાજિક વ્યવહાર કઠોર બનતો જણાય. પુરુષાર્થનું ફળ હકારાત્મક ન મળતું જણાય.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા નવમા ભાગ્યભાવે રહે છે. જે ભાગ્યવૃદ્ધિના કાર્યોમાં અનેક અવરોધ-રૂકાવટો લાવે. ધાર્મિક ભાવના ઓછી થતી જણાય. તમે ધર્મથી વિમુખ થતાં જાવ તમારામાં ધાર્મિક આડંબરો વધે. વાણી પરનો સંયમ જરુરી બને. કૌટુંબિક વ્યવસાયિક કાર્યો ગૂંચવાતા જણાય. ધાર્મિક યાત્રા-મુસાફરી કષ્ટદાયી નિવડે. સતત પ્રયત્નશીલ રહેવા છતાં તમે યોગ્ય ફળ ન મેળવી શકો.

તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા બીજા ધનસ્થાને આવશે. જે પારિવારિક નાની-મોટી અનેક મુશ્કેલીઓ ઉભી કરે. પરિવારના સભ્યો વધુ પડતા મહત્વાકાંક્ષી બનતા જણાય. આરોગ્ય અંગેની નાની-મોટી તકલીફો રહે. નેત્ર સંબંધી તકલીફોથી સંભાળવું. વડિલવર્ગની ચિંતા રહ્યા કરે. અહીં તમારે આપસી સંબંધોની મર્યાદા બાંધવી પડશે. આંતરિક માનસિક અસ્વસ્થતા વધુ રહે. કાનૂની કાર્યોમાં સંભાળવું. આરોગ્ય બાબતે કાળજી રાખવી. નાણાંકીય સ્થિતરતા ન જળવાય.

તા. ૭-૩-૨૦૧૯થી કેતુ તમારા આઠમા સ્થાને આવશે. જે આરોગ્ય અંગેની અનેક નાની-મોટી તકલીફો રાખે. પડવા-વાગવા કે શસ્ત્રક્રિયા સંબંધી તકલીફોથી સંભાળવું. ગુપ્તદર્દ કે ગુપ્તાંગ સંબંધી તકલીફો રહે. બિનજરૂરી વાદવિવાદથી દૂર રહેવું હિતાવહ ગણાય. આંતરિક મનદુ:ખના પ્રસંગો બને. સામાજિક કાર્યોમાં તમે પાછા પડતા જાવ. ગેરકાનૂની કાર્યોથી સંભાળવું.


સ્ત્રીઓ માટે :

સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આંતરિક-શારીરિક તેમજ માનસિક તકલીફો રહે. કુટુંબ તરફથી માનભંગ થાય. તમારી અંગત જવાબદારીમાં વધારો થાય. આવકના કરતા ખર્ચનું પ્રમાણ વધુ રહે તબિયત નરમ-ગરમ રહે. વડિલવર્ગ તરફથી મનદુ:ખના પ્રસંગો બને. આર્થિક બાબતે કુટુંબ તરફથી છેતરાઈ રહ્યાનો અનુભવ થાય. લાભની અનેક તકો દેખાવા છતાં તમે મેળવી ન શકો. તમારી મનોવૃત્તિના કારણે તમે નિરાશા અનુભવશો. નોકરી કરતી સ્ત્રીઓને સહકાર્યકરો સાથે અણબનાવ રહે. આર્થિક બોજો વધતો જણાય. પરિવારના સભ્યો વચ્ચે ગેરસમજો ઉભી થાય.

વિદ્યાર્થીઓ માટે :

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. વધુ મહેનત-પરીશ્રમ છતાં સફળતા ઓછી મળે. આળસ અને બેચેનેથી દૂર રહેવું જરુરી બને. તમારી દૃઢતાના પાયા હચમચતા જણાય. પુરુષાર્થની સફળતા માટે તમારે રાહ જોવી પડશે. બિનજરુરી થાક તમારા અભ્યાસમાં આડખીલીરૂપ બને. ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવાની ઈચ્છા હાલ સફળ ન થાય. અભ્યાસ સાથે નોકરી કરતા વિદ્યાર્થીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે.

## મિથુન : (ક.છ.ઘ.) :




વિ.સં. ૨૦૭૫ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા છઠ્ઠા સ્થાને રહેતાં તા. ૨૯-૦૩-૧૯થી તમારા સાતમા સ્થાને આવશે. શનિ વર્ષારંભે તમારા છઠ્ઠા સ્થાને રહેતાં તા. ૨૬-૦૧-૨૦૧૭થી તમારા સાતમા સ્થાને આવશે. શનિ આખું વર્ષ તમારા સાતમે સ્થાને રહે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા બીજા ધનસ્થાને અને કેતુ આઠમે રહેતાં તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારી રાશિમાં અને કેતુ તમારા સાતમે આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા છઠ્ઠા સ્થાને રહે છે. જે અહીં અનુકૂળ નથી. આરોગ્ય અંગેની નાની-મોટી તકલીફો રહે. આર્થિક બાબતની ચિંતા રહે. બેદરકાર રહેશો તો ઘણું ગુમાવવું પડશે. તમને અહીં આત્મનિરીક્ષણ કરવાની તક મળશે. ભાગીદારીના વ્યવસાયિકોને અંદરો અંદર ઘર્ષણ વધે. વ્યવસાયિક મુસાફરી કષ્ટદાયી નિવડે. અહીં તમે પ્રાપ્તિની પૂર્ણતાનોઅનુભવ કરશો. પરંતુ તમારું મહત્વપૂર્ણ આયોજન પૂર્ણ થતું ન જણાય. બીજા પરનો વધુ પડતો વિશ્વાસ તમને મુશ્કેલીમાં મુકી દે. અંગત વ્યકિત દ્વારા વિશ્વાસઘાતની લાગણી અનુભવશો. પેટ સંબંધી નાની-મોટી તક્લીફો રહે. નોકરિયાત વર્ગને બઢતી કે પ્રમોશન અંગેના કાર્યો પૂર્ણ થતાં જણાય.

તા. ૨૯-૩-૨૦૧૯થી ગુરૂ તમારા સાતમા સ્થાને આવશે. ધાર્મિક યાત્રા મુસાફરી તકલીફકર્તા નિવડે. સામાજિક કાર્યો કરનારને તકલીફો ઉભી થાય. સાહસિક કાર્યોમાં સફળતા સારી મળે. ધાર્મિક મુસાફરી લાભદાયી નિવડે. કૌટુંબિક શુભ-માંગલિક કાર્યો થાય. ભાગીદારીના વ્યવસાયિકોએ સંભાળવું. આંતરિક-દામ્પત્યજીવન સંબંધી તકલીફો રહે. બિનજરુરી ખર્ચથી સંભાળવું. અંગત વ્યકિત દ્વારા સાથ સહકાર સારો મળે. આંતરિક-માનસિક અશાંતિ રહે. ભાઈભાંડુના જીવનમાં શુભ પ્રસંગો આવે. જીવનસાથી સાથે અણબનાવ રહે.

તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ પાછો તમારા છઠ્ઠા સ્થાને આવશે. જે અહીં અનુકૂળ નથી. અનેક નાની-મોટી તકલીફોનો સામનો કરવો પડે. વ્યવસાયિક ભાગીદારીમાં નવીન પ્રશ્નોનો મુકાબલો કરવો પડે. ખાનપાનની અનિયમિતતા તમારા આરોગ્યને બગાડશે. નોકરિયાત વર્ગને બઢતી કે પ્રમોશન અંગેના કાર્યોમાં સફળતા મળવા છતાં આર્થિક લાભ ઓછો મળે. ધીરધારનો ધંધો કરનારે કાળજી રાખવી. કેટલાક નિર્ણયો સ્વાર્થવૃત્તિમાં ખોટા ન લેવાય તેની કાળજી રાખવી.

શનિ આખું વર્ષ તમારા સાતમા સ્થાને રહે છે. જે આંતરિક જીવનમાં અશાંતિ રાખે. ભાગ્યવૃદ્ધિના કાર્યોમાં વિલંબ છતાં સફળતા સારી મળે. સ્થાવર અંગેનું મોટું આયોજન કરી શકશો. મર્યાદાની માન્યતાને કઠોર રીતે વળગી રહેશો. ગમ ખાતા શીખશો તો કંઈક પ્રાપ્ત કરશો. સ્થાવર વૃદ્ધિના યોગ બને. હાર્ટ કે બ્લડપ્રેશર સંબંધી તકલીફોવાળાએ સંભાળવું. શારીરિક નાની-મોટી તકલીફો રહે. તમારા ભાગ્યવૃદ્ધિનો પુરુષાર્થ સાર્થક નિવડતો જણાય. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં અપયશ મળે. તા. ૨૯-૩-૧૯થી તા. ૨૨-૪-૧૯ સુધી સાથે ગુરૂ-કેતુ રહેતાં આંતરિક અશાંતિ વધુ રહે. માનસિક બોજો વધુ રહે. અવનવી યોજનાઓના ભોગ બનો. મનદુ:ખના પ્રસંગો બને. પેટ સંબંધી બિમારીથી સંભાળવું.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા બીજા ધનસ્થાને રહે છે જે અહીં અનુકૂળ નથી. કૌટુંબિક અશાંતિ રહે. પારિવારિક સદ્ધરતા હોવા છતાં નાણાંની ખેંચ વર્તાય. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં સંભાળવું. પારિવારિક સંપત્તિના પ્રશ્ને અવરોધો આવે. તમારું હિત જાળવવા જતાં કૌટુંબિક મનદુ:ખના પ્રસંગો બને. વડિલવર્ગ સંબંધી ચિંતા રહે. અહીં તમને કર્મની કઠોરતાના દર્શન થશે. આરોગ્ય અને નાણાંની ખેંચ બાબતે તમે ગૂંગળામણ અનુભશો. તમારી માનસિક અસ્વસ્થતા વધતી જણાય. પરિવારના સભ્યોની મહત્વાકાંક્ષા વધતી જણાય. તમારું પરિવારના સભ્યો સાથેનું વર્તન બદલાતું જણાય.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા આઠમા સ્થાને રહે છે. જે આરોગ્ય અંગેની નાની-મોટી તકલીફો વધારે. પડવા-વાગવા શસ્ત્રક્રિયા કે ગુપ્તદર્દ સંબંધી તકલીફોથી સંભાળવું. ચિંતાઓની ગહેરાઈ વધતી જણાય. સામાજિક સંબંધોની તૂટફૂટ થતી જણાય. કાનૂની કાર્યોમાં સંભાળવું. ધાર્મિક કાર્યમાં અવરોધો આવે. નવીન યોજનાઓ તરફના આકર્ષણથી નાણાંનો વ્યય થાય.

તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારી રાશિમાં આવશે. જે આંતરિક-માનસિક તેમજ શારીરિક-આર્થિક અનેક તકલીફોનો સામનો કરવો પડે. મસ્તક પીડા કે મગજ પર ગરમીની અસરો વધુ રહે. આર્થિક બાબતે કોઈના પર વિશ્વાસ મૂકવો યોગ્ય નથી. અણધારી મુશ્કેલીઓનો સામનો કરવો પડે. કૌટુંબિક ઘર્ષણ રહે તમે અંગત સંબંધોની તિરાડને સાધવાનો નિરર્થક પ્રયાસ કરશો. અદૃશ્ય પ્રકારના વિરોધીઓનો સામનો કરવો પડે. માનસિક અસ્વસ્થતા વધુ રહે. નાણાં સંબંધી સમસ્યાઓ ઉદભવે. કૌટુંબિક બાબતે નકારાત્મક વલણ અપનાવશો. શારીરિક નાની-મોટી તકલીફો રહે. પારિવારિક ખર્ચની જવાબદારી વધતી જણાય.

તા. ૭-૩-૨૦૧૯થી કેતુ તમારા સાતમા સ્થાને આવશે જે આંતરિક તકલીફો વધારે. ભાગીદારીના વ્યવસાયિકોને ભાગીદારો સાથે મનદુ:ખ કે ભાગીદારી છૂટી જવાના યોગ બને. જીવનસાથીની તબિયતની કાળજી રાખવી, કોઈ મોટી બિમારી કે શસ્ત્રક્રિયાથી સંભાળવું. લાંબી બિમારીથી તમે પરેશાન થઈ જાવ. અંગત સંબંધોમાં તિરાડ પડે નહીં તેની કાળજી રાખવી. આર્થિક ખેંચ અનુભવાય. સંયમ અને ધીરજ રાખશો તો માનસિક શાંતિ મેળવી શકશો.

સ્ત્રીઓ માટે :

સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. પારિવારિક અણબનાવ રહે. કુટુંબના સભ્યો સાથે મનદુ:ખના પ્રસંગો બને. વડિલ વર્ગને બિમારીથી સંભાળવું. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગથી પરેશાની વધુ રહે. અનેક ઉતાર ચઢાવનો સામનો કરવો પડે. લખાણ કે દસ્તાવેજ અંગેના કાર્યોમાં સંભાળવું સંતાન અંગેની નાની-મોટી તકલીફો રહે. તા. ૨૯-૦૩થી તા. ૨૨-૦૪ સુધીનો સમય સંકટમય પસાર થાય. ગમ ખાઈ જતું કરવાની ભાવના રાખશો તો તકલીફો ઓછી રહેશે. સમસ્યાનું નિરાકરણ લાંબા સમય સુધી ન આવે. આરોગ્ય બાબતે કાળજી રાખવી, તમારી સંજોગો સામે લડવાની શકિત ઓછી થતી જણાય.

વિદ્યાર્થીઓ માટે :

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. મહેનત-પરિશ્રમનું ફળ બીજાને મળતું જણાય. મનને સ્થિર કરી અભ્યાસ પરત્વે ધ્યાન કેન્દ્રિત કરવું જરુરી બને. અભ્યાસ અર્થે વિદેશ જવાની ઈચ્છા ધરાવનારને મુશ્કેલી બાદ સફળતા મળતી જણાય. હિત અહિતની દૃષ્ટિએ તમારી કસોટી થતી જણાય. અભ્યાસ સાથે નોકરી કરનારને અનેક સંકટોનો સામનો કરવો પડે. આર્થિક-શારીરિક તકલીફો વધુ રહે.

## કર્ક : (ડ.હ.) :




વિ.સં. ૨૦૭૫ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા પાંચમા સ્થાને રહેતાં તા. ૨૯-૩-૨૦૧૯થી તમારા છઠ્ઠા રોગ-શત્રુ સ્થાને આવશે. વળી વક્રી ગુરૂ તા. ૨૨-૪-૨૦૧૯થી તમારા પાંચમે આવશે. શનિ આખું વર્ષ તમારા છઠ્ઠા સ્થાને રહે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારી રાશિમાં અને કેતુ તમારા સાતમે રહેતાં તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા બારમા વ્યયસ્થાને અને કેતુ તમારા છઠ્ઠા સ્થાને આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા પાંચમા સ્થાને રહે છે. સંતાન સુખ સારું રહે છતાં સંતાન સાથે વિચારોમાં અલગતા રહે. ધાર્મિક યાત્રા મુસાફરી લાભદાયી નિવડે. કૌટુંબિક સુખાકારી સારી રહે.

આરંભાતું નવું વર્ષ સર્વના જીવનમાં પ્રેમનો પરિમલ પ્રસરાવે તેવી શુભેચ્છાઓ સહ...
નૂતન વર્ષાભિનંદન...
ગોપાલ કેટરર્સ
કૌશિકભાઈ સુખડીયા - મો. : ૯૮૨૫૦૪૧૩૪૮
ગોપાલ સ્વીટ માર્ટ
શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૩, ગાંધીનગર
ફોન : ૨૩૨૨૩૮૧૬, ભરતભાઈ સુખડીયા - ૭૬૯૮૫ ૪૫૪૯૭
શુભ પ્રસંગે કેટરર્સના ઓર્ડર લેવામાં આવશે.
ફર્મ :
અદ્યતન અને સુવિધા સભર
ગીરીશ
સ્વીટ & નમકીન
ગીરીશ
સ્વીટ્સ એન્ડ નમકીન
એસ.ટી. સ્ટેન્ડ પાસે, પેથાપુર, તા.જી. ગાંધીનગર
ફોન : ૨૩૨૧૬૬૬૯, ૨૩૨ ૧૬૮૬૭
ભરતભાઈ સુખડીયા ૭૬૯૮૫ ૪૫૪૯૭
નવીનભાઈ બી. સુખડીયા ૯૪૨૯૪ ૨૫૨૨૪

Making The World Healthier and Happier
HAPPY NUTURITION & WELLNESS CLUB
SWETA H. Sukhadiay
7818813677, 9033538086
• Weight Loss/Gain
• Weight Management
• Nutrition for Kids
• Nutrition Information
FREE Body Fat Analysis & Consulting
You are Invited
Block A, Shop No. 206, Shree Ugati Complex,
Opp. Pratik Mall, Kudasan, Gandhinagar-382421
E-mail :happynutrition25@gmail.com.

Wish you all Happy New Year
UREN PATEL
Mobile : 94260 11008, 98242 47007
VAJ INTERNATIONAL PARCEL SERVICE
• UK • USA & other Countries Specialist
દેશ-પરદેશમાં પાર્સલ મોકલવા માટેના સ્પેશ્યાલીસ્ટ
Vaj Infomedia
Authorised Dealer
LG DELL hp iball
EPSON INTEX acer
lenovo HCL
Shop No. 1, Quadrant-2, 2nd Floor,
Suman Tower, Sector-11,
Gandhinagar-382011 GUJARAT, INDIA
Ph : (079) 23247007
E-mail : vajinfomedia@yahoo.co.in

ગાંધીનગર જિલ્લા અને શહેરના
નગરજનોને નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન
અર્બુદા
મેડિકલ સ્ટોર્સ
બી-૪, સીવીલ હોસ્પિટલ કંપાઉન્ડ, સેક્ટર-૧૨, ગાંધીનગર
કમલભાઈ ચૌધરી
મો. ૯૬૮૭૯૭૨૭૮૯

Wish you Happy Diwali & Happy New year
Girish
9737214278
Vishwa enterprise
Vishwa Enterprise
Office :
C-103, Shyam Shrusti Complex
At. Kudasan, Dist. Gandhinagar-382421
vishwagnr@gmail.com